ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૨૨ ટકા

# સ્વર્ણિમ પાર્કમાં ૧૧ હજારથી વધુ નગરજનો દ્વારા યોગ

● સ્વર્ણિમ પાર્ક ખાતે ૧૧,૬૮૫ લોકોએ સવારે ૭ થી ૮ કલાક દરમિયાન યોગાસન કર્યા.
● કાર્યક્રમમાં એલ.ઈ.ડી. સ્ક્રીન્સ મુકવામાં આવી હતી.
● ઘ-૪ની આસપાસના લારી ગલ્લા બંધ હાલતમાં જોવા મળ્યા.
● કાર્યક્રમમાં નાગરિકો માટે પાણીની તથા મેડીકલ ટીમની વ્યવસ્થા કરવામાં આવી હતી.
● ટાઉનહોલ ખાતે નાગરિકો માટે પાર્કીંગની વ્યવસ્થા કરવામાં આવી હતી.
● ટોઈંગ વાન સાથે ટ્રાફિક પોલીસ સતત કાર્યરત હતા.
● કાર્યક્રમમાં હાજરી આપવા માટે શાળાના બાળકોને માલવાહક વાહનોમાં લઈ જવાતા જોવા મળ્યા હતા.
● કાર્યક્રમની પૂર્ણાહૂતિ બાદ લગભગ અડધો કલાક સુધી ઘ-૪ ખાતે ટ્રાફિક જોવા મળ્યો.
● વર્ષ દરમિયાન ઘ-૪ ખાતે નિયમિતપણે આવતા નાગરિકો રોજની જેમ દોડતા અને યોગાસન કરતા નજરે પડયા.

●●●●●

**સ્વર્ણિમ પાર્ક ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ભાજપના કોર્પોરેટરો અને હોદ્દેદારોની ગેરહાજરી ઉડીને આંખે વળગે તેવી હતી**





ગાંધીનગર, તા.૨૧

યોગ એ પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા મળેલી એક અમૂલ્ય ભેટ છે. સમગ્ર વિશ્વમાં તા. ૨૧મી જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આજે ચોથા વિશ્વ યોગ દિવસની ઉજવણી ગાંધીનગર જિલ્લામાં ઉત્સાહભેર કરવામાં આવી હતી. વિશ્વ યોગ દિવસના જિલ્લા કક્ષાનાં કાર્યક્રમને સ્વર્ણિમ પાર્ક ખાતે ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકાયો હતો. મંત્રી શ્ર પ્રદિપસિંહ જાડેજા પણ નગરજનો સાથે યોગ કર્યા હતા. સ્વર્ણિમ પાર્ક ખાતે યોજાયેલ યોગ કાર્યક્રમમાં ૧૧ હજારથી વધુ નગરજનો સહભાગી બન્યા હતા.

વધુમાં ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, સમયાંતરે પોલીસ વિભાગમાં અધિકારી-કર્મચારીઓને રોગ અને તનાવ મુકત બનાવવા માટે યોગ શિબીરનું આયોજન કરવામાં આવે છે.

ગાંધીનગર સ્વર્ણિમ પાર્ક ખાતે યોજાયેલ યોગ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ, જાણીતા કલાકાર શ્રી જનક ઠક્કર, ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી નૈલેશભાઈ શાહ, ગુડાના પૂર્વ ચેરમેન શ્રી આશિષભાઈ દવે, જિલ્લા પ્રભારી સચિવ શ્રી સંજીવકુમાર, આરોગ્ય કમિશનર શ્રી જયંતિ રવિ, રેન્જ ડી.આઈ.જી શ્રી મયંકસિંહ ચાવડા, જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિતેષ કોયા, નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજા સહિત અનેક પદાધિકારીઓ-અધિકારીઓએ પણ યોગ કર્યો હતો. આ પ્રસંગે વિવિધ શાળા-કોલેજના વિધાર્થીઓ, પોલીસના જવાનો, વિવિધ સંસ્થાઓ અને નગરજનો મોટી સંખ્યામાં યોગ કાર્યક્રમમાં જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સુવ્યવસ્થિત આયોજન વિશ્વ યોગ દિવસની ઉજવણીના નોડલ અધિકારી શ્રી ડૉ. ભાવનાબેન પટેલ, નાયબ કલેકટર શ્રી જિજ્ઞાસા વેગડા, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી ઋતુરાજ દેસાઈ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગર લાયન્સ, લાયોનેસ અને લિઓ કલબનો શપથવિધિ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર લાયન્સ, લાયોનેસ અને લિઓ કલબના વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષના નવા વરાયેલા પ્રમુખ, મંત્રી, ખજાનચી તથા બોર્ડ ઓફ ડિરેકટર્સનો શપથવિધિ સમારોહ તા. ૧૬-૬-૨૦૧૮ના રોજ સ્ટાફ ટ્રેઈનિંગ કોલેજ સે-૧૭ ગાંધીનગર ખાતે સંપન્ન થયો હતો.




આ પ્રસંગે પાસ્ટ ડિસ્ટ્રીકટ ગવર્નર રાકેશભાઈ પટેલ દ્વારા લાયન પિયુષ શાહ, લાયોનેસ ડિમ્પલ દેસાઈ તથા લિઓ રિકિન આચાર્યને પ્રમુખ તરીકે લાયન મહેન્દ્ર પરમાર, લાયોનેસ પ્રીતિ શર્માને મંત્રી તથા અન્ય ડાયરેકટરોને શપથ લેવડાવ્યા હતા.

આ સમારોહમાં ગાંધીનગર શહેરના મેયર પ્રવિણભાઈ પટેલ તથા મુખ્ય અતિથિ તરીકે ભૂતપૂર્વ ગૃહમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, શહેરના અગ્રણીઓ, અન્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા લાયન્સ ડિસ્ટ્રીકટમાંથી પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં ઉપસ્થિત મિત્રોએ ત્રણેય પ્રમુખોને આગામી વર્ષમાં વધુમાં વધુ સેવાકીય કાર્યો કરી શકે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## ન્યુ ગાંધીનગરમાં મૉર્નિંગ વોક પર નિકળેલા વૃદ્ધાના ગળામાંથી દોરાની તફડંચી

**એક તોલા વજનનો સોનાનો દોરો આંચકી એક્ટિવા પર આવેલા બંને ચેઈન સ્નેચર રફુચક્કર**

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારમાં ખાસ કરીને ન્યુ ગાંધીનગરમાં ચેઈન સ્નેચર્સનો તરખાટ વધી રહ્યો છે ત્યારે ગઈકાલે વહેલી સવારે ન્યુ ગાંધીનગરના કુડાસણ પાસે વોકિંગ કરવા નીકળેલા વૃદ્ધાને ચેઈન સ્નેચર્સએ ટાર્ગેટ કર્યા હતા. એકટીવા ઉપર ડબલ-સવારી આવેલા ચેઈન સ્નેચર્સએ મૉર્નિંગ વોક પર નીકળેલા વૃદ્ધાની પાસે એકટીવા લઈ જઈ ગળામાંથી સોનાનો દોરો આંચકી લઈ પળવારમાં જ રફુચક્કર થઈ ગયા હતા. વૃદ્ધાની ફરિયાદને આધારે ઈન્ફોસિટી પોલીસે ગુનો દાખલ કરી ચેઈન સ્નેચરોને પકડવા તજવીજ શરૂ કરી છે.

મળતી વિગત અનુસાર ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતે પ્રમુખ પેરામાઉન્ટ મકાન નંબર જી ૩૦૩ ખાતે રહેતા ૬૨ વર્ષીય રેણુબેન અનિલ બુધેશ્વર ગઈકાલે વહેલી સવારે નિત્યક્રમ મુજબ મૉર્નિંગ વોક પર નીકળ્યા હતા. પોણા સાત વાગ્યાના અરસામાં પ્રસંગ પાર્ટી પ્લોટ પાસેથી તેઓ ચાલતા જઈ રહ્યા હતા ત્યારે એકટીવા ઉપર આવેલા બે અજાણ્યા શખ્સો તેમની નજીક આવીને ઊભા રહી ગયા હતા અને તેમને ગળામાં પહેરેલો એક તોલા વજનનો રૂપિયા ૨૦ હજારની કિંમતનો સોનાનો દોરો ખેંચી લીધો હતો. સોનાનો દોરો ખેંચી લઈ પળવારમાં જ બંને ચેઈન સ્નેચર રફુચક્કર થઈ ગયા હતા. વૃદ્ધાએ બૂમાબૂમ કરી પરંતુ એકત્ર થાય ત્યાં સુધીમાં તો બન્ને શખ્સો ફરાર થઈ ગયા હતા. રેણુબેને આ ઘટના અંગે ઈન્ફોસિટી પોલીસને ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી પી.એસ.આઈ પઢેરીયાએ ઊંડી તપાસ શરૂ કરી છે.

### @ગાંધીનગર

● જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન સહેલી, ઉમિયા માતાજી સંસ્થાન તથા ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક દ્વારા સવારે ૯ થી ૧ કલાક દરમિયાન ઉમિયા માતાજી કેમ્પસમાં રકતદાન કેમ્પ યોજાશે.

● ટાઉનહોલ ખાતે સંસ્કૃતિ સંસ્થાના ઉપક્રમે તથા સંગીત નાટક અકાદમીના સહયોગથી ૯.૩૦ કલાકે સ્વરોત્સવ કાર્યક્રમ યોજાશે.

### વાતવાતમાં

● સેકટર-૨૩ની આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ કાતે બાળકોને વિસ્વ યોગ દિવસની ઉજવણીમાં વ્યાયામ શિક્ષક કેનતભાઈ પટેલ અને કોરિયોગ્રાફર આશિષભાઈ વસાવા દ્વારા શ્લોક, શાંતિપાઠ તથા શુભસંકલ્પ પ્રક્રિયા કરાવાઈ હતી. શાળાના આચાર્ય દશરથભાઈ પટેલે બાળકોને આશીર્વચન પાઠવ્યા હતા.

● દહેગામના પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડના પિતાશ્રીનું ટૂંકી માંદગી બાદ દુઃખદ અવસાન થવા પામ્યું છે.

## સિવિલ કેમ્પસમાં રાત્રીના સમયે દવાના સ્ટોર બંધ

**એક દવાની દુકાન રાત્રે ચાલુ રાખવા દર્દીઓની માંગ**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પહેલા આખી રાત દવાઓની દુકાનો ધમધમતી હતી. પરંતુ જેનરીક દવાના સ્ટોર બાદ રાત્રીના ૧૧ કલાક બાદ દવાની દુકાનો બંધ થતા દર્દીના સગાઓને દવાઓ મેળવવા રીતસરની રઝળપાટ કરવી પડે છે. જયારે જેનરીક સ્ટોરમાં જરૂરીયાત મુજબની દવાઓ મળતી ન હોવાથી દર્દીઓએ સવારે મેડીકલ સ્ટોર ખુલે તેની કાગડોળે રાહ જોવી પડે છે. ત્યારે સિવિલ કેમ્પસમાં રાત્રીના સમયે એક દવાનો સ્ટોર શરુ રાખવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

પાટનગરની સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગના સારવાર માટે આવે છે. તાવથી માંડીને હિમોડાયાલીસીસ પણ ગાંધીનગર સિવિલ ઉપલબ્ધ થતા દર્દીઓનો ધસારો સિવિલમાં રહે છે. સિવિલમાં પહેલા ૨૪ કલાક દવાની દુકાનો ચાલુ રહેતી હતી. પરંતુ જનઔષધીય સ્ટોર ૨૪ કલાક ચાલુ રહેતા ખાનગી મેડીકલ દુકાનદાર રાત્રીના ૧૧ કલાક પછી દુકાનો બંધ કરી દે છે. જયારે જન ઔષધી સ્ટોરમાં ૪૦ ટકા તો જરૂરીયાતવાળી દવા મળતી નથી. ત્યારે રાત્રીના સમયે હોસ્પિટલમાં આવેલા દર્દીના સગા જાયે તો કહા જાયે જેવો ઘાટ સર્જાય છે. દવા મેળવવા માટે રાત્રે દર્દીના સગાઓને રીતસરની રઝળપાટ કરવી પડે છે. શહેરમાં રાત્રીના સમયે ગણ્યાગાંઠ્યા જ મેડીકલ સ્ટોર ચાલુ હોય છે. તેમા પણ દવાઓ ના મળી તો દર્દી તેમજ સગાઓને સવાર સુધી રાહ જોવી પડે છે. જેનરીક સ્ટોરની શરૂઆતની સાથે દર્દીઓને સસ્તી અને જરૂરીયાતવાળી દવાઓ મળે તેમ હતો પરંતુ છેલ્લા કેટલાક સમયથી જેનરીક સ્ટોરમાં જ ૪૦ ટકા જેટલી દવાઓનો જથ્થો ખુટી ગયો હોવા છતા આવ્યો નથી. ત્યારે દર્દીના ધસારો હોવા છતા દવા ન મળતા દર્દીઓ તેમજ સ્વજનોની હાલત કફોડી બની જાય છે.ત્યારે જિલ્લા વહીવટી તંત્ર અને સિવિલ સત્તાવાળાઓએ અંગત રસ દાખવી દર્દીના હિતમાં રાત્રીના સમયે દવાની દુકાન શરુ રહે તેવી જોગવાઈ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## પેથાપુર પોલીસ સ્ટેશનની સામે જ યુવતીની છેડતી!!!

**ચાલતી જતી યુવતીનો દુપટ્ટો બે શખ્સોએ ખેંચી લીધો : પોલીસ ફરિયાદ**

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીક પેથાપુર ખાતે એક વિચિત્ર ઘટના બનવા પામી છે. સામાન્ય રીતે કોઈ સ્થળે છેડતી કે અન્ય કોઈ ગુનાહિત પ્રવૃત્તિ થાય ત્યારે તેનો ભોગ બનનાર વ્યક્તિ પોલીસ સ્ટેશન જતી હોય છે પરંતુ અહીં તો પોલીસ સ્ટેશનની સામે જ એક યુવતીની છેડતી થઈ હોવાની ઘટના બહાર આવી છે. પેથાપુર પોલીસ સ્ટેશનની સામેથી ૧૮મી તારીખે સમી સાંજે પેથાપુર ની જ એક યુવતી તેની નાની બહેન સાથે ચાલતા નીકળી હતી ત્યારે પેથાપુર પોલીસ સ્ટેશન સામે નગરપાલિકાની બાજુમાં આ યુવતીને પેથાપુરના જ બે શખ્સોએ આંતરી લીધી હતી. યુવતીનો પાછળથી દુપટ્ટો પકડીને ખેંચી લેતા યુવતી ઉંધા માથે પટકાઈ હતી. યુવતીએ દુપટ્ટો ખેંચવાનું કારણ પૂછતાં છેડતી કરનાર બન્ને શખ્સો શંકો દરબાર અને ધનો દરબાર ભડકી ઉઠયા હતા અને પડી ગયેલી યુવતી ઉપર લાતો મારીને મારઝૂડ કરી યુવતીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે યુવતીએ પેથાપુર પોલીસ સ્ટેશનમાં બંને શખ્સો સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## શહેરમાં પાણીમાં યોગાસનનો નવતર પ્રયોગ

ગાંધીનગર, તા.૨૧

વિશ્વ યોગદિન નિમિત્તે શહેરના સેકટર-૧૯ સ્થિત જીમખાનના સ્વિમિંગ પુલમાં સાંજે ૫.૪૫ થી ૬.૩૦ કલાક દરમિયાન એકવા યોગ (વોટર યોગા)નું આયોજન કરવામાં આવ્યું હતું. સોનઝીં બ્લીસના યોગા શિક્ષિકા સોની ઠકકર દ્વારા આશરે ૫૦ નાગરિકોને નવતર એકવા યોગાથી પરિચિત કરાવવામાં આવ્યા હતા.

એકવા યોગા એટલે કે પાણીમાં રહીને યોગાસન કરવા, શરીર અને મનને શાંત રાખવા તેમજ તણાવ, ડિપ્રેશન અને અનિંદ્રા વગેરેથી દૂર રહેવા માટેના આ વોટર યોગા પશ્ચિમના દેશોમાં અત્યંત લોકપ્રિય છે. ગર્ભવતી મહિલાઓ તથા આર્થાઈટીસના દર્દીઓ માટે એકવા યોગા અત્યંત લાભદાયી છે. વોટરયોગા સાંધાના દુઃખાવામાં રાહત આપે છે. એકવા યોગા જમવાના ૩ કલાક પહેલા તથા ૩ કલાક પછી ગમે ત્યારે કરી શકાય છે. એકવા યોગા કરતા પહેલા પ્રવાહી કે પીણાં લઈ શકાય છે. જીમખાના ખાતે યોજવામાં આવેલા ૪૫ મિનિટના સેશનમાં ૫૦થી વધુ લોકો જોડાયા હતા તથા પાણીમાં યોગાસન કરવાનો લ્હાવો લીધો હતો.



## એમ.બી. પટેલ શાળાની વિદ્યાર્થીનીઓ માટે દંતચિકિત્સા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થીનીઓ માટે દંતચિકિત્સાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાની ધોરણ-૬ થી ૮માં અભ્યાસ કરતી લગભગ ૯૩૦ વિદ્યાર્થીનીના દાંતની તપાસ કરી યોગ્ય સલાહસૂચન તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કર્ણાવતી ડેન્ટલ કોલેજના પી.જી. ડોકટર સ્ટુડન્ટસ દ્વારા દંતચિકિત્સા કરીને જણાવવામાં આવ્યું હતું કે જે વિદ્યાર્થીનીઓને દાંતની વધારે કે ગંભીર બિમારી હોય તેવી વિદ્યાર્થીનીઓને ટીમ દ્વારા ટેલિફોનિક જાણ કરી ઉવારસદ ખાતે આવેલી કર્ણાવતી હોસ્પિટલમાં મફત અન યોગ્ય સારવાર આપવામાં આવશે. શાળાના આચાર્યા નીરૂ પટેલ દ્વારા દાંતની તપાસ કરનારા તમામ ડોકટર્સનો આભાર માનવામાં આવ્યો હતો.



**સે-૭ના મુખ્ય શોપીંગ સેન્ટર ખાતે ખુલ્લી ગટર જોખમી**

ગાંધીનગરના સેકટર-૭ ખાતેના મુખ્ય શોપીંગ સેન્ટરમાં લક્ષ્મી બેકરીની બાજુમાં મુખ્ય માર્ગ પર ખુલ્લી ગટર જોખમરૂપ બની જાણે શિકાર માટે મ્હોં ફાડીને બેઠેલા ભોરીંગ જેવી ભાસી રહી છે. અત્યંત જોખમી હાલતમાં આ ખુલ્લી ગટર અહીંથી પસાર થતા બાળકો સહિતના રાહદારીઓ તથા વાહનચાલકો માટે જોખમરૂપ બની છે જેની સત્વરે મરામત કરાય તે અત્યંત આવશ્યક છે.

### માનવ વિકાસ ક્રેડિટ સોસાયટીની વાર્ષિક સાધારણ સભા યોજાશે

ગાંધીનગર, તા.૨૧

માનવ વિકાસ ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટી લિ.ની અગિયારમી વાર્ષિક સાધારણ સભા તા. ૨૪-૬-૨૦૧૮ને રવિવારે સવારે ૯.૩૦ કલાકે સોસાયટીની રજિ.ઓફિસ ગોકુલ પ્લોટ નં. ૧૭૫૭/૨, સ્વામિનારાયણ મંદિર પાસે, સેકટર-૨-ડી, ગાંધીનગર ખાતે યોજાશે. આ ૨૦૧૭-૧૮ની અગિયારમી વાર્ષિક સાધારણ સભામાં હાજર રહેવા મેનેજિંગ ડિરેકટર કનુભાઈ એમ. પરમાર દ્વારા જણાવવામાં આવ્યું છે. વધુ માહિતી માટે મો. ૯૪૨૭૩૩૭૦૦૭ પર સંપર્ક કરી શકાશે.

### અવસાન નોંધ

અમારા ભાઈ યોગેશભાઈ પ્રહલાદભાઈ દવેનું તા. ૧૯-૬-૧૮ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૫-૬-૧૮ને સોમવારના રોજ સવારે ૯.૦૦ કલાકે તેમના નિવાસસ્થાન બી-૨૨ મુલચંદપાર્ક સોસાયટી, જીઈબી રોડ, મુ. પેથાપુર તા.જી. ગાંધીનગર ખાતે રાખેલ છે.

### ચિરવિદાય

● સ્વ. બાલુબા માધુસિંહ રાઠોડ, ઉ.વ. ૭૦

## રાજ્યપાલના એડિશનલ એસપી એ બે પીધેલા પકડાવ્યા

**ઈન્ફોસિટીથી સે-૨ તરફ જવાના સર્વિસ રોડ ઉપર દારૂ ઢીંચીને જીપમાં બેઠેલા બંને નબીરાઓ**

ગાંધીનગર, તા.૨૧

રાજયપાલના એડિશનલ એસપી ગઈકાલે રાત્રે પાટનગરના ઈન્ફોસિટીથી સે-૨ તરફ જવાના સર્વિસ રોડ પરથી પસાર થઈ રહેલા ત્યારે સર્વિસ રોડની વચ્ચે જીપ મુકીને બે શખ્સો બેઠેલા જોઈ એડિશનલ એસપી એ તેમને રોડની સાઈડમાં ઊભા રહેવા સૂચન કર્યું હતું. એડિશનલ એસપીની વાત સાંભળતા જ જીપમાં રાજાપાઠમાં બેઠેલા બે નબીરાઓ પૈકી એક શખ્સ જીપમાંથી ઉતરીને બેફામ બોલાચાલી કરવા લાગ્યો હતો. તે બંનેને જોતા દારૂના ચિક્કાર નશામાં હોય તેવું લાગતા રાજયપાલના એડિશનલ એસપી એ દારૂ ઢીંચીને બેફામ બનેલા બંને નબીરાઓ અંગે જિલ્લા પોલીસ કંટ્રોલમાં જાણ કરી પોલીસ બોલાવી લીધી હતી અને સેકટર-૭ પોલીસે સ્થળ પર જઈ બંને પીધેલાઓને દબોચી લીધા હતા. અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં રહેતા અને ખમણના વ્યવસાય સાથે સંકળાયેલા નિરવ રાજેન્દ્ર શર્મા અને શહેરના સેકટર-૫ બી પ્લોટ નંબર ૬૫૪/૧ ખાતે રહેતો અને ખાનગી કંપનીમાં નોકરી કરતો હિતેશ વિનુ પટેલ નામના બંને નબીરાઓની ધરપકડ કરી લઈ રૂપિયા પાંચ લાખની કિંમતની મહારાષ્ટ્ર પાસિંગની જીપ જપ્ત કરી પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ આર.વી.ચૌધરીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.